**<u>સ્પે. દિ.મુ. નં.૧૧/૨૦૧૫ ના કામે આંક–૧ નીચે હુકમ –</u>**

વાદી તરફે કોઈ જ હાજર નથી. કોઈ રીપોર્ટ રજુઆત નથી. રેકર્ડ તપાસતા લાંબા સમયથી કોઈ જ હાજર રહેતુ ન હોવાનો રોજકામમાં ઉલ્લેખ હોઈ તા.૨૬–૬–૨૫ ના રોજ પણ વાદી હાજર ન હોઈ અદાલતે નોટીસ કરેલ, જે નોટીસ બજતા વાદી હાજર થયેલ. પરંતુ લાંબા સમયથી પ્રતિવાદી નં.૨ નુ સરનામુ રજુ કરેલ નથી. આજ રોજ પણ વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર નથી. રીપોર્ટ રજુઆત નથી. દશ વર્ષ જુના દાવા છે.

જુના દાવા તથા કેસો સબંધે નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ અવારનવાર આદેશો આપવામા આવેલ છે. કેસોના ઝડપી નિકાલ તથા પુનઃ મુલ્યાંકન સબંધે (૧) નામદાર ગુજરાત સ્ટેટ લીગલ સર્વિસીસ ઓથોરીટીના પત્ર નં.૧૭૮/૧૮ તા.૨૩–૧–૧૮ તથા (૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦–૧–૧૭ તથા ત્યાર બાદના પત્રો વંચાણે લીધા.નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી અવારનવાર જુના તથા હળવા પ્રકારના કેસોનો નિકાલ કરવાની કામગીરી સબંધે આદેશો કરવામા આવેલ છે.

આમ વાદી કે તેમના વિ.વ.શ્રી હાજર ન હોઈ આ દાવો આગળ ચલાવવામા કોઈ રસ ન હોવાનુ માનવા કારણ રહે છે. આ તબકકે નામદાર ગુજરાત હાઈકોર્ટનો ચુકાદો MANIBHAI GORDHANBHAI PATEL v. PATEL AMBALAL PRABHUDAS (SINCE DECEASED) THROUGH HIS HEIRS & LRs. BAI ZAVERBEN Wd/o. AMBALAL PRABHUDAS PATEL, & ORS. ના કામે ઠરાવેલ છે કે, **Civil Procedure Code, 1908 (V of 1908) Order 2, Rules 1, 8 and 9 - Parties are supposed to be. in the Courts when their cases are called out, and the Courts are not supposed to wait till evening - It is true that this parties must remain present before the Court when the matter is called out. The Court is not bound to wait for any party. The Court would be justified in disposing of the matter due to the absence of the party.**

આ તબકકે નામદાર સર્વોચ્ચ અદાલતનો ચુકાદો (2009) AIR(SC) 514 : (2009) 1 ALT 38 : (2008) 7 Supreme 470 ( Before : D.K. Jain, J; C.K. Thakker, J ) THE SECRETARY, DEPARTMENT OF

HORTICULTURE AND ANOTHER Vs. RAGHU RAJ C.A. No. 6142 of 2008 (Arising out of SLP (C) No. 1583 of 2007) Decided on : 17-10-2008 ધ્યાને લેતા તેમા ઠરાવેલ છે કે, **Practice and Procedure — Dismissal for default of Advocate — Advocate has no right to remain absent from Court when case of his client comes up for hearing — He is duty bound to attend the case in Court or to make an alternative arrangement — Non-appearance in Court without 'sufficient cause' cannot be excused.**

**આમ સાંજ સુધી રાહ જોવા છતા વાદી હાજર રહેલ ન હોઈ રીપોર્ટ રજુઆત ન હોઈ વાદીને આ કામે આગળ વધવામા રસ ન હોવાનુ માનવા કારણ રહે છે, જેથી દાવો ઉપરોક્ત જોગવાઈ મુજબ ગેરહાજરીમા કાઢી નાંખવાનો હુકમ કરવામા આવે છે.**

**આજરોજ તા. ૨૯ ઓગસ્ટ સને ૨૫ ના રોજ વાંચી સંભળાવી મારી સહી કરી જાહેર કર્યો.**

| | | |
|---|---|---|
| | | **( બી. જે. પટેલ )** |
| | | **પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ, પોરબંદર.** |
| | | **કોડ નંબર જી.જે. ૦૦૯૭૭** |

**SELF TYPE**